# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાં આરોપીઓને પકડવામાં ATSની મહત્વની ભૂમિકા.**
2. **કચ્છ જિલ્લાના 910 તળાવોને મહેસૂલી ઓળખ મળી.**
3. **રાજ્યમાં આજથી હાથપગો રોગ સામે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ શરૂ થશે.**
4. **ચણાની ઉત્પાદકતામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર.**
5. **રાજ્યકક્ષાની પુરુષોની હેન્ડબોલ સ્પર્ધામાં SAG અકાદમીની ટીમ વિજેતા.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# HARSH SANGHVAI ATS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , માત્ર ગુજરાત જ નહીં, પણ અન્ય રાજ્યોમાં થયેલા હુમલાઓના આરોપીઓને પકડવામાં પણ આતંકવાદ વિરોધી દળ-ATSની મહત્વની ભૂમિકા છે.

ગઇકાલે અમદવાદમાં ગુજરાત પોલીસના આધુનિકીકરણ અને સુરક્ષા માળખાને મજબૂત કરવા 202 કરોડથી વધુના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત પ્રસંગે તેમણે જણાવ્યું , ATS એ માત્ર હથિયારધારી દળ નથી, પણ સાડા છ કરોડ ગુજરાતીઓની અતૂટ સુરક્ષા અને વિશ્વાસનું સૌથી મોટું કેન્દ્ર છે.

**(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)**

---

# CBC CHAIRPERSON VISIT

ક્ષમતાવર્ધન આયોગના અધ્યક્ષ રાધા ચૌહાણે રાજ્યની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે રાજ્યના સરકારી કર્મચારીઓના ક્ષમતાવર્ધન માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી અને ગુજરાતના મોડલને અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ ગણાવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન સુશ્રી ચૌહાણે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા તથા સ્પિપાના મહાનિદેશક હારિત શુક્લા સાથે બેઠક યોજી હતી.

---

# KUTCH WATER MANAGEMENT

રાજ્યમાં સૌપ્રથમ તળાવોને મહેસૂલી ઓળખ આપી જળસંચયની કામગીરી કચ્છ જિલ્લામાં કરવામાં આવી છે. જિલ્લાના 281 ગામના કુલ 910 તળાવોને મહેસૂલી રેકર્ડ પર લાવી બ્યુટીફિકેશન, જળસંચય અને સંરક્ષણ માટેની ઝુંબેશરૂપ કામગીરી કરવામાં આવી છે.

વધુ માહિતી આપતા જિલ્લા કલેક્ટર આનંદ પટેલે કહ્યું, ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ન થાય તે માટે અંદાજે **5** હજાર 600 એકરથી વધુ જમીનને નીમ કરવામાં આવી છે.

**(બાઈટ – આનંદ પટેલ, કલેક્ટર)**

---

# RRU WORKSHOP

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી- **RRU**ની સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી દ્વારા ઇન્ડો-સ્વિસ બ્લોકચેન ફોરમ **2026**નું આયોજન કરાયું.

આ ત્રણ દિવસીય વર્કશોપમાં ભારત અને સ્વિટ્ઝર્લૅન્ડના નાણાકીય સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ અને બ્લોકચેન વ્યાવસાયિકોને એક ટકાઉ નવીનતા કોરિડોર સ્થાપિત કરવા એક મંચ પર લાવવામાં આવ્યા.

આ પ્રસંગે **RRU**ના કુલપતિ પ્રોફેસર બિમલ પટેલે ઈન્ડો-સ્વિસ કોરિડોરને સંવાદ અને વેપાર તરફ દોરી જવાના માર્ગ તરીકે પ્રકાશિત કર્યો, અને સરહદ પાર સુરક્ષામાં સંકલિત વિશ્વાસ તરફ **100** બિલિયન ડોલર રોકાણની આશા વ્યક્ત કરી.

**બાઈટ : બિમલ એન. પટેલ, વાઇસ-ચાન્સેલર, RRU**

---

## FILARIASIS

રાજ્યમાં આજથી હાથપગો રોગ સામે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ શરૂ થશે. આરોગ્ય વિભાગ દ્વારા સામૂહિક દવા વહીવટ કાર્યક્રમના આ ત્રીજા તબક્કામાં ભરૂચ, નર્મદા અને ડાંગ જિલ્લાના ચાર તાલુકાના , 5 લાખ 48 હજાર લોકોને આવરી લેવામાં આવશે. આ અભિયાનનો હેતુ હાથીપગો રોગને નાબૂદ કરવાનો છે.

આ ત્રણ દિવસીય અભિયાન દરમિયાન , આરોગ્ય કર્મચારીઓની **649** ટીમો ઘરોમાં, તેમજ લક્ષિત વિસ્તારોમાં **759** આંગણવાડી કેન્દ્રો , **742** શાળાઓ અને **15** કોલેજોમાં દવાઓનું વિતરણ કરશે.

---

## WORLD PULSES DAY

કઠોળની ખેતી, ઉત્પાદકતા અને તેના પોષણમૂલ્યને પ્રોત્સાહન આપવાના હેતુસર સમગ્ર વિશ્વમાં આજે 10 ફેબ્રુઆરીને વિશ્વ કઠોળ દિવસ તરીકે ઉજવાય છે. ત્યારે ચણાની ઉત્પાદકતામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

સાંભળીએ એક અહેવાલ

# (વૉઇસ કાસ્ટ : હિના મોદી)

(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ‘કઠોળ આત્મનિર્ભર મિશન’થી રાજ્યમાં કઠોળની ખેતીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ત્યારે રાજ્યમાં તુવેર અને ચણાની ઉત્પાદકતા વધી છે. વર્ષ 2021-22થી 2023-24 દરમિયાન તુવેરની સરેરાશ ઉત્પાદકતા પ્રતિ હેક્ટર એક હજાર 199 કિલો અને ચણાની એક હજાર 795 કિલો નોંધાઈ. જ્યારે ગુજરાતે એપ્રિલ-નવેમ્બર 2025-26 દરમિયાન અંદાજે 69.98 મિલિટન ડોલરના 74 હજાર 652 મેટ્રિક ટન કઠોળની નિકાસ કરી છે. સાથે જ કઠોળનો વાવેતર વિસ્તાર છ લાખ 62 હજાર હેક્ટરથી વધીને 10 લાખ 89 હજારથી વધુનો થયો છે. તો, કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતા વધારવા ખેડૂતો વધુને વધુ આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. હિના મોદી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)

---

# KACHCH BROADGAJ NIRIKSHAN

કચ્છ જિલ્લામાં ગાંધીધામ-આદિપુર વચ્ચે બ્રોડગેજ અને 'Y' કનેક્ટિવિટીનું કામ પૂર્ણ કરાયું છે. જેનું ગઇકાલે રેલ્વે સેફ્ટી કમિશનરે નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રોજેક્ટ અંતર્ગત 17 કિલોમીટરના ટ્રેકનું જોડાણ , 8 નાના પુલોના નિર્માણ તેમજ 2.60 લાખ ઘન મીટર અર્થવર્ક કરાયું છે. આ ઉપરાંત ચોથી લાઇન સહિત સમગ્ર વિભાગનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું છે.

ગોપાલપુર સ્ટેશનને આધુનિક સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. આદિપુર સ્ટેશન પર ‘વાય’ કનેક્ટિવિટી ઉપલબ્ધ થવાથી સમય અને ઇંધણની બચત થશે અને સંચાલન વધુ સરળ બનશે.

આ પ્રોજેક્ટથી કંડલા તથા મુન્દ્રા બંદરો સાથે જોડાયેલા પેટ્રોલિયમ , ખાતર અને અનાજનું પરિવહન ઝડપી બનશે.

---

# JAMNAGAR JILLA BADGET

જામનગર જિલ્લા પંચાયતનું આગામી વર્ષનું પુરાંતલક્ષી અંદાજપત્ર મંજુર કરાયું છે. અંદાજપત્રમાં 995.58 લાખની આવક અને 713.55 લાખના ખર્ચનો અંદાજ રજૂ કરાયો છે. ગઈકાલે જિલ્લા પંચાયતની બેઠકમાં વર્ષ 2026-27નું 242.03 લાખની અંદાજિત પુરાંત દર્શાવતું અંદાજપત્ર મંજુર કરાયું હતું.

બજેટમાં સિંચાઈ ક્ષેત્રે હયાત ચેક ડેમની મરામત અને નવા ચેકડેમ બાંધવા 10 લાખની , શાળાઓના નવીનીકરણ માટે 50 લાખની જોગવાઈ જ્યારે ગ્રામ્ય કક્ષાએ અનુસૂચિત જાતિ તેમજ અન્ય પછાત વર્ગના વિસ્તારોમાં વિકાસ કાર્યો માટે 70 લાખ રૂપિયાની જોગવાઈ કરાઇ છે.

---

# CISF CYCLOTHON

વંદે માતરમની 150મી વર્ષગાંઠ નિમિત્તે CISF દ્વારા આયોજિત 'વંદે માતરમ તટીય સાયક્લોથોન-૨૦૨૬'નું કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ઉત્સાહભર્યું સ્વાગત કરવામાં આવ્યું. સુરતથી અંદાજે 145 કિલોમીટરનું અંતર કાપીને CISFની ટીમ દમણ પહોંચી હતી.

દમણમાં વિરામ બાદ, સાયકલોથન આજે મહારાષ્ટ્ર તરફ રવાના થશે. આ સાયકલ યાત્રામાં 65 મહિલા જવાનો સહિત 130 CISF જવાનો દરિયાઈ સુરક્ષા અને સશક્તિકરણનો સંદેશ ફેલાવી રહ્યા છે. ત્યારે આ અંગે એક મહિલા સ્પર્ધકે પ્રતિક્રિયા આપી..

## (બાઇટ : મહિલા સ્પર્ધક)

---

# ARVALLI DAM

**અરવલ્લી જિલ્લામાં માઝુમ ડેમમાંથી સિંચાઈ માટે 30 ક્યુસેક પાણી કેનાલમાં છોડાયું છે. આ સાથે વાત્રક ડેમમાંથી જમણા કાંઠાની કેનાલમાં 60 ક્યુસેક અને ડાબા કાંઠાની કેનાલમાં 100 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આનાથી બાયડ, ધનસુરા અને માલપુર તાલુકાના ખેડૂતોને સિંચાઈમાં લાભ થશે.**

---

# NAVSARI HAND BALL

**નવસારીમાં યોજાયેલી ભાઈઓની રાજ્યકક્ષાની હૅન્ડબોલ સ્પર્ધામાં ગુજરાત રમતગમત સત્તામંડળ – SAG હૅન્ડબોલ અકાદમીની ટીમ વિજેતા થઈ છે. બિલિમોરામાં વી. એસ. પટેલ વિજ્ઞાન મહાવિદ્યાલય ખાતે રમાયેલી ફાઈનલમાં SAG અકાદમીએ 33 વિરુદ્ધ 26 ગૉલ કરીને મહેસાણાની ટીમને પરાજય આપ્યો. આ સાથે જ મહેસાણાની ટીમ બીજા ક્રમે રહી હતી.**

**બીજી તરફ, રાજ્યકક્ષાની હૅન્ડબોલ સ્પર્ધામાં 17 વર્ષથી ઓછી વયની છોકરીઓની પણ લીગ મેચ રમાઈ. પહેલી મેચમાં જુનાગઢ ગ્રામ્ય ટીમે સુરત શહેરની ટીમને, બીજી મેચમાં બોટાદે નર્મદાને , ગાંધીનગર શહેરે આણંદ જિલ્લાને અને ભાવનગર ગ્રામ્ય સીમે મહેસાણા જિલ્લાની ટીમને પરાજય આપ્યો.**

---

# CHHOTA UDEPUR ANAMIKA

છોટાઉદેપુરમાં યોજાયેલી મેરેથૉન દોડમાં સાત વર્ષનાં અનામિકાએ 21 કિલોમીટરની દોડ ત્રણ કલાક 25 મિનિટમાં પૂર્ણ કરી નવો કિર્તીમાન સ્થાપિત

કર્યો છે. બોડેલીમાં યોજાયેલી મેરેથોનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમનું સન્માન પણ કરાયું.

અનામિકાના માતા-પિતાએ તેમની પુત્રી વર્ષ 2036માં યોજાનારી ઑલિમ્પિક્સ રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે અને દેશ માટે ચંદ્રક જીતે તેવી આશા વ્યક્ત કરી.

---